નોબત સંગત

સંવેદના

હરેશ ભટ્ટ

અમુક વ્યક્તિને આપણે જોઈએ, એમની વાતચીત, વર્તવાર, પ્રતિભાવ, પ્રતિક્રિયા તો એમ થાય કે કોઈ આટલું બધું શાંત અને સૌમ્ય કેવી રીતે હોઈ શકે? એમાં પણ કોઈ સ્ત્રી હોય એને માટે ખાસ વિચાર આવે.. એવું નથી કે સ્ત્રી શાંત, સૌમ્ય સરળ મિતભાષી ના જ હોય, હોય જ પણ ક્યારેક જ્યારે હદ પર થઇ જાય ત્યારે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લે... આ વાત કાશ્મીરાની છે.. નામ કેવું સરસ? એકદમ ઠંડા રમણીય સ્થળનો વિચાર આવે .. એવી શાંત શીતળ આ કાશ્મીરા ... એની વાત જાણીને એમ થાય કે આવી વિચારસરણી ,આવું ધૈર્ય કેવી રીતે આવે? પણ ભરપૂર આત્મવિશ્વાસ સાથે દૃઢ નિશ્ચયી... આપણે એની ચર્ચા કરવા કરતા એના વિશે વાત જ કરીયે તો કેવું? કોઈ કહેશે કે વાતમાં મોણ નાખ્યા વગર મુદ્દા પર આવો ને..

કાશ્મીરા....નો આજે વિજયોત્સવ હતો...એના પર અભિનંદન વર્ષા ચાલી રહી હતી.. સૌથી વધુ ખુશ હતા એના દાદી સાસુ... આ કાશ્મીરા જન્મી ત્યારે એના દાદાજી મનોહરલાલે કહ્યું હતું કે ત્રણ પેઢી એ ઘરમાં લક્ષ્મીજીએ પગલાં કર્યા છે.. ત્રીજી પેઢીએ દીકરી જન્મી છે... આમ આ પરિવાર બહુ સરળ, દેવકીના લગ્ન પછી વિદાય સમયે દાદાજી મનોહરલાલે વેવાઈને કહ્યું હતું કે બીજા બધા વહેવારીક કહે કે અમે વહુ નહિ દીકરી લઈ જઈએ છીએ અને અમે તમારા કરતા પણ વિશેષ અમારી દીકરી માની એને રાખશું... હું સાચે જ કહું છું...., અને એમ જ થયું હતું... દેવકી ના માનપાન સત્ત... એને એનો વર જય કાંઈ કહી શકે નહીં.. દાદાજી અને પપ્પા બેય બોલે... "એ..ય... આમ નહીં કહેવાનું " દેવકી રાજ કરે.. અને જ્યારે સારા દિવસો રહ્યા ત્યારે એના દાદાજી બોલ્યા હતા.. કે ભગવાન પહેલા ખોળે લક્ષ્મીજીના પગલાં થાય એવું કરજો... અને ભગવાને સાંભળ્યું હશે દેવકીએ દીકરીને જન્મ આપ્યો... ઘરમાં ખુશી અપાર હતી.. મનોહરલાલે એના જન્મ પછી દેવકી દીકરીને લઇ પિયરથી સાસરે આવી એ પછીના રવિવારે આખી શેરી નો જમણવાર કર્યો... ઈ વખતે હજી જમવામાં બફાટ એટલે કે બુફેનો રિવાજ નહોતો આવ્યો..ત્યારે તો પંગત પડતી , હવે તો સદાવ્રતમાં ઊભા હોઈએ એમ પ્લેટ લઈને ઊભા રહેવાનું... ,ખેર અત્યારે એ વાતની જરૂર નથી.. પણ આખી શેરીને જમાડી... દાદા પંગતમાં ફરતા ફરતા બધા ને આગ્રહ કરી જમાડે...

આ કાશ્મીરા જન્મી ત્યારે તરત દરેક બાળક સહેજ રોવે એમ રોઈ હતી પણ એ પછી ક્યારેય નહીં.... એનો ચહેરો જ એવો સૌમ્ય, જોકે એમ કહેવાય કે એની માં દેવકી જેવો શાંત સૌમ્ય..ચહેરો. દેવકી સાવ મહિને પિયરથી દીકરી ને લઇ ઘેર આવી ત્યારે દાદાજીની આંખમાં આંસુ આવી ગયા હતા... એ ઘુંટણીયે પડી હાથ જોડી બોલ્યા હતા... પધારો માં પગલાં કરો...અને સાથે એક કંકુ થાળીમાં એનો અંગુઠો પલાળી જમીન પર કોરું કપડું મૂકી એ અંગુઠો એમાં મુક્યો... એ કપડું સાચવીને મૂકી દીધું... એ દીકરીની સામે જે જુવે એને એ સ્મિત આપતી હતી... અને એનું સ્મિત જોઈ કોઈ પણ ભાવવિભોર થઇ જાય... દાદાજીએ કહ્યું કે એનું નામ શીતળ રાખો... દાદીએ કહ્યું કે એની રાશિ મિથુન છે ક- છ-ઘ ..તો દાદાજી કહે કાશ્મીરા રાખો... દાદાજીની ઈચ્છાને માન આપી એનું નામ કાશ્મીર રાખ્યું... એ ક્યારેય રોઈ નથી... એ અમસ્તી સતત રમતી હસતી હોય,, કોઈ ન બોલાવે તોય એકલી રમતી હોય , એ વખતે ઘોડિયા ઉપર કંઇક રમકડું કે ફરતું લટકણિયાં વાળું રમકડું લટકાવ્યું હોય એને જોયા કરતી... હોય, રમ્યા કરતી હોય... એને જમીન પર ગાદી પાથરી સુવડાવી હોય ત્યારે હાથમાં રમકડું લઇ રમ્યા કરે, કોઈ સામે આવી બોલાવે તો મીઠું હસી પડે... પણ જ્યારે એને ભૂખ લાગે ત્યારે એ ન રમે કે ન સ્મિત આપે.. જોયા કરે એટલે એની માં દેવકી સમજી જાય કે એને ભૂખ લાગી છે...બસ એનું પેટ ભરાય એટલે સુઈ જાય... કોઈએ ક્યારેય એનો અવાજ સાંભળ્યો નથી...

ધીરે ધીરે એ મોટી થવા માંડી... એ સમજણી થઈ. ચાલતી બોલતી થઈ પછી દાદાજી પાસે જ હોય... એ સવારે નાહી ધોઈ દાદાજીના રૂમમાં આવે એટલે દાદાજી કહે આવો જોગમાયા... અને એ દાદાજીને વળગી પડે... પછી ત્યાં જ હોય... દાદાજી દાદીજી એને બહાર ફરવા લઇ જાય. મંદિરે લઇ જાય.... રમકડાં લઇ દે.. અને જમવાના સમયે આવી જાય... આ કાશ્મીરા એની બધી વાત દાદાજીને કરે..... સ્કૂલે બેસાડી પછી પાછી આવીને સવારે સ્કૂલમાં ગઇ ત્યારથી પાછી આવી ત્યાં સુધીની બધી વાત દાદાજીને કહે.. દાદાજીએ સાંભળવી જ પડે...

હવે કાશ્મીરા મોટી થઇ... એ સંગીત નૃત્ય અને અભિનયમાં નિપુણ હતી... સ્કૂલમાં હંમેશાં ભાગ લે.. હતી રૂપકડી, મીઠડી... જોતા જ ગમી જાય... નૃત્ય અભિનય સંગીતમાં હંમેશા વિજેતા હોય... એમાં સાથે વિનય નામનો છોકરો હતો... દેખાવે એકદમ સુંદર અને એ પણ ગીત સંગીતમાં પાવરધો... ઘણી કન્યાઓ એની પાછળ ઘેલી હોય એમાં એક આ કાશ્મીરા પણ ખરી... પણ બીજી છોકરીયો જેવી ઘેલી નહિ પણ એને વિનય ગમતો બહુ , પાછો એની જ્ઞાતિનો જ હતો... એણે એના દાદાજીને જ્યારે વિનયની વાત કરી ત્યારે એમને કહ્યું હતું કે હા મણીભાઈના જયંતનો દીકરો... પણ બેટા એ મગજનો ફાટેલ છે... એનામાં વિવેક બુદ્ધિ છે જ નહીં... બોલવાનું ભાન નથી.. હા હોંશિયાર, ચતુર , ચાલાક બહુ....જ પણ સીધો રહે ત્યાં સુધી સારો ,છટકે એટલે એના બાપાને ય કંઈક કહી દે ત્યારે મણિલાલ બે ઝાપટ નાખે ત્યારે સીધા ચાલે... એની માં એ એને લાડ લડાવીને ફટવી માર્યો છે બાકી... ડાહ્યો રહીને બોલવામાં વહેવારમાં ધ્યાન આપે તો એના જેવો કોઈ નહીં... તો બહુ આગળ આવે...એ મોટો થાય અને એને કોઈ એવી કન્યા મળે જે એને ઠેકાણે લાવે તો કંઇક થાય પણ એના લાખણ જોઈ કોઈ દીકરી આપે જ નહીં...

કાશ્મીરાને વિનય ગમવા માંડેલો એ નક્કી હતું... હવે કોલેજમાં પણ સાથે... અને નજીક પણ આવી ગયેલા, દોસ્તી પણ સખત જામી ગયેલી... કાશ્મીરા હવે વિનયને ઘેર જવા લાગી હતી... મણી દાદા ને જ્યારે કાશ્મીરા ચરણ સ્પર્શ કરવા ગઈ ત્યારે પૂછ્યું કે તું કોની છોડી.. ત્યારે એ બોલી કે તમે મારા દાદાજી મનોહરલાલને ઓળખો? મણી દાદા કહે ,લે તું જય ની દીકરી? બહુ સરસ... તરત એમણે એમના પત્ની દેવીને બૂમ પાડી કે દેવી જુવો આ મનોહરના જયની દીકરી.. આના જન્મ વખતે મનોહરે ઓચ્છવ કરેલો.. આખી નાત અને શેરીને જમાડ્યા હતા... આ ઈ છોડી..., શાંત સરળ દેવી બા એ સ્મિત સાથે ઓવારણાં લીધાં.. કાશ્મીરા વિનયની દોસ્તી ઘણી આગળ વધી ગઈ હતી.... વિનયને લગ્ન ગાંઠે બંધાવાનો કોઈ વિચાર નહોતો આવ્યો.. એને તો ઘણી બહેનપણી.. એ ગમે તેની સાથે ફરતો હોય... ક્યારેક કાશ્મીરા કોઈ છોકરી સાથે ફરતા જોવે ત્યારે સ્ત્રી સહજ સ્વભાવ મુજબ એમ થાય કે આ શું? જે આવે એની હારે ફરવાનું... ત્યારે એ કહેતો કે તારી એક ઉપર ભૂંગળું ભાંગ્યું... આપણે તો આમ જ હોય...

કાશ્મીરા એકવાર વિનયના ઘેર ગયેલી ત્યારે એણે દેવીબાની સાથે વાત કરતા કહી દીધું કે બા મને આ તમારો પૌત્ર ગમે છે... ગમે તેવો છે પણ સારો છે... દેવીબા કહે કે એ આમ સારો જ છે એના જન્માક્ષરમાં લખ્યું છે કે આ કુટુંબનું નામ રોશન કરશે.. પણ એની માં એ લાડ કરી કરીને ફટવી માર્યો છે કાંઈ સંસ્કાર રોપ્યા નથી...એના દાદા અને બાપુજી બે ય રોજ પૂજા પાઠ કરે, મંદિરે જાય પણ આ છોકરાની માં આમ બહુ સારી પણ એક તો કરોડપતિ બાપની દીકરી છે અને સાહેબી ફાટી નીકળે છે અને નાસ્તિક છે, ઈ જ કહે એના દીકરાને કે એ બધા ધતિંગ છે...એટલે એ છોકરો પણ ભગવાનમાં માને નહીં... પૂજા તો ઠીક ત્યાં ઊભો રહી પગે ન લાગે... હાથ જોડવાનું તો શીખવ્યું જ નથી એની માં એ, મને એમ થાય કે એ ક્યારે સુધરશે? તારા જેવી કોઈ એને સુધારી શકે તો ઠીક. એના માટે સવજી બાપાની જાનકી માટે દાદાએ માગું નાખેલું.. ત્યારે સવજી બાપાએ કહી દીધેલું કે ઈ તો ફાટેલ છે... મારી દીકરી દુઃખી થાય.. એને ન અપાય... આને કયો બાપ પોતાની દીકરી આપે... દાદાને ઈ જ ચિંતા છે... કાશ્મીરા કહે કે બા હું કરી શકું... તો દેવી બા બોલ્યા કે તારા દાદા જ તરત ના પાડી દેશે... મનોહરની તો કેવી લાડકી છો? કાશ્મીરા કહે કે જોશું બા... , મારા દાદા ની હું એકદમ લાડકી છું પણ તમને ખબર છે, મને ગમતું કે મને જોતું કોઈ પણ હોય તો દાદાજી ના તો ન પાડે, મારા મમ્મી કે પપ્પા ના પાડે તો દાદાજી કહે કે મારી દીકરી કાંઈ ખોટું નથી માગતી... એ મને નારાજ કરે જ નહિ... . બા કહે કે જોઈ લે.. તારે માથે બે જણા નો સામનો કરવાની જવાબદારી આવશે.. વિનય અને એની માં બાકી મને તો સારું લાગશે... દાદાજી એ તો પહેલા ના જ પાડી... પણ અમુક દિવસ કાશ્મીરાને મુંગી જોઈ... ઉદાસ જોઈ પછી દીકરીને સમજાવવા પ્રયત્ન કર્યો'.. કાશ્મીરાએ પોતાની રજૂઆત કરી અને કહ્યું કે દાદાજી યાદ કરો તમે જ મને અમુક વસ્તુ શીખવી છે... તમે યુવાન વયે કોઈના કહ્યામાં નહોતા... મોટા દાદાજી કહેતાને કે સમય જતા સુધરશે... તમારા લગ્ન પછી મારા દાદી ને કેટલી તકલીફ પડી.. પછી એમના જ પ્રયત્ન પછી અને મારા પિતાના જન્મ પછી તમે બદલાઈ ગયા... અને કેવા બદલાઈ ગયા? દાદી સહેજ આઘાપાછા થાય તો તમે પૂછતા કે ક્યાં ગઈ? એ બધી વાત તમે જ કરી હતી ને? અને પછી તમે જ કહેલું કે લગ્નજીવનમાં જીવનસાથીના વ્યવસ્થિત સાથની જરૂર અમુક ઉંમર પછી વધુ પડે.. મને ભરોસો છે... થોડા વર્ષ અને એ માત્ર મારા હશે..... ધીરે ધીરે દાદાજી માની ગયા... દાદાજી એ હા પાડી હોય પછી કોઈની મજાલ છે વચ્ચે પડે? પણ ગણગણાટ તો થાય.. ઘરના બધા બોલે કે જે થાય છે એ ખોટું થાય છે... દાદાજી કાશ્મીરાની વાતમાં આવી ગયા.. નાતના સગાસંબંધી કહે કે મનોહરલાલ કાશ્મીરાને કૂવામાં નાખી રહ્યા છે...

વિનય કાશ્મીરા ના લગ્ન થયા.... વિનય સુધરે? લગ્ન પછી પણ બીજી કન્યા સાથે રખડવાનું ચાલુ... કાશ્મીરાને ક્યાંય જાવું હોય તો કહે ... તારી મેળે જા... હું નહીં આવું અને આમ બીજી છોકરીઓને લઈને બાઈક કે કારમાં ફરતો હોય...કાશ્મીરા ક્યારેક કહે કે મારે મારા પિયર જવું છે તોય રાડો પાડે... ના જવા દે..દાદી વચ્ચે પડે... લોકો પણ જુવે અને નિસાસા નાખે... પણ કાશ્મીરાને કાંઈ નહીં... વિનયને પણ કાંઈ ન કહે... એ પત્ની તરીકે બધી જ ફરજ નિભાવે એમાં કોઈ જ કસર નહીં...એ એના સાસુનો પણ પડ્યો બોલ ઝીલે.. હા મમ્મી, જી મમ્મી કરી લઈશ... તમે રસોડાના કામ ન કરો.. બહુ કર્યું હું કરી લઈશ... આ બધાને કારણે સાસુ માં ફેરફાર થઇ ગયો.... વિનયને એની માં કહે કે આટલી સારી પત્ની મળી છે... એ કોઈની દીકરી છે... એ લોકો ને ખબર પડે તો કેટલું દુઃખ થાય? એ તો એના માં બાપ અને દાદાજી ને એમ જ કહે છે કે હું ખૂબ મજામાં છું... એ એટલા માટે મજામાં છે કે કોઈ મન પર લેતી નથી...

સાથે જ ... કાશ્મીરા બધું જ સહજ લે.. વિનય કહે કે આજે રાત્રે મારે એક પાર્ટીમાં જવાનું છે વાર લાગશે... તો એ કહે કાંઈ વાંધો નહીં... અને એ રાત્રે જે પરિસ્થિતિમાં મોડો આવે પછી કાશ્મીરા એનું બધું જ કરે...સવારે વિનયને થોડો પસ્તાવો પણ થાય... પત્નીને ખૂબ પ્રેમ કરે... કહે કે હું તને બહુ હેરાન કરું છું નહીં? એમ કરી વહાલ કરે પણ બે દિવસમાં પાછો ઈ નો ઈ....આમ કરતા છ વર્ષ થયા એક દીકરો અને એક દીકરી થઈ ગયા...

એક દિવસ વિનયના મમ્મી-પપ્પા, દાદા-દાદી બધા સાથે કોઈ પ્રસંગમાં ચાર દિવસ માટે બહારગામ ગયા હતા.. વિનયે એની ત્રણ સખીઓને સાંજે ઘેર બોલાવી.. સવારે એણે કાશ્મીરાને કહ્યું કે મારી ત્રણ મિત્રો સાંજે આવશે... એ લોકો અહીં જ જમશે... તું મહારાજ પાસે સરસ રસોઈ બનાવડાવજે.. કાશ્મીરા કાંઈ ન બોલી... એ તો સુપર કૂલ જરા પણ ગુસ્સો નહીં...એ છોકરીઓ આવી સાંજે... જમવાને વાર હતી.. કાશ્મીરા મહારાજની મદદ લઇ બધું આપતી હતી.. સૌને પ્રેમથી આવકાર્યા પછી સ્મિત સાથે બધું આપતી...એમની એક અંદર રસોડામાં ગઈ.. અને પૂછ્યું.. ભાભી તમને કાંઈ થતું નથી..? કાશ્મીરા એ સ્મિત આપીને કહ્યું કે અત્યારે જવાબ નહિ આપું.. તમારા લગ્ન પછી તમારા પતિ કો ઈ અન્ય સાથે આમ હોય પછી તમને જે થાય એ વિચારજો...એ વખતે તમને તમારો ભૂતકાળ વસમો લાગશે.. પેલી છોકરી ચાલી ગઈ... અઠવાડિયા પછી એ જ છોકરીઓએ વિનયને જે કાંઈ કીધું હશે... એ ઘટના પછી એક દિવસ વિનય વહેલો ઘેર આવેલો.. એ સમયે કાશ્મીરા તૈયાર થઈ.. પિયર જવા નીકળતી હતી...અટકી ગઈ... વિનયે સાવ સહજતાથી પૂછ્યું બહાર જાય છે? કાશ્મીરા કહે કે હા મમ્મીને ઠીક નથી ઘેર જઈને આવું.. વિનય કહે હું આવું મૂકી જાઉં? કાશ્મીરા તો જોઈ રહી એ સાથે દાદી સાસુ પણ જોઈ રહ્યા કે આ વિનય? કાશ્મીરા નીકળી ગઈ... એ પછી વિનય એના બાળકો સાથે રમવા માંડ્યો.. એમને સાચવવા માંડ્યો... દાદી ને હરખ થયો... બીજા દિવસે વિનય કાશ્મીરાની લગ્નતિથિ હતી... સાતમી લગ્ન તિથિ... કાશ્મીરા રાત્રે પાછી આવી અને બેડરૂમમાં ગઈ તો વિનય બે બાળકોને બે બાજુ સુવડાવી સૂતો હતો... કાશ્મીરા ખુશ થઇ સુઈ ગઈ... સવારે એ વહેલી ઉઠી અને વિનય પણ ઉઠી ગયો... બંને એ સાથે ચા પીધી પછી વિનય નહાવા ગયો... અને લેંઘો ઝભ્ભો પહેરી દાદાજીના પૂજાના રૂમમાં ગયો , દાદા દાદી પૂજા કરતા હતા ત્યાં આવીને પૂજામાં હાથ જોડી બેઠો.... એ લોકો જોઈ રહ્યા કે જે હાથ પણ ન જોડે એ આજે પૂજામાં બેઠો? કાશ્મીરા પણ ત્યાં આવીને બેઠી પૂજા પછી બધા ઊભા થયા, વિનયે કાશ્મીરાને કહ્યું દાદા દાદી ના આશીર્વાદ લઈએ... આજે સાતમી લગ્ન તિથિ...બન્ને એ ચરણ સ્પર્શ કર્યા ,સૌની આંખો ભીંજાઈ... દાદાજી બોલ્યા સાત ફેરા આજે પૂરા થયા...

કાશ્મીરા....નો આજે વિજયોત્સવ હતો...એના પર અભિનંદન વર્ષા ચાલી રહી હતી.. સૌથી વધુ ખુશ હતા એના દાદી સાસુ...વિનય અંદરથી અને અંતરથી સારો જ હતો... એના પર ઐયાસીનું પડ ચડી ગયેલું અને કાશ્મીરાને વિશ્વાસ હતો કે એ પડ હું ઉતારીશ.

લુચ્ચું શિયાળ અને વાતોડિયો કાગડો

એક સમયની વાત છે, એક કાગડાને ક્યાંકથી પનીરનો એક મોટો ટુકડો મળ્યો. કાગડો તો ખુશ થઇ ગયો અને પનીરનો ટુકડો ચાંચમાં દબાવીને શાંતિથી ખાવા માટે એક ઝાડની ડાળી પર જઈને બેઠો.

શિયાળની લાલચ

એ જ સમયે એક ભૂખ્યું શિયાળ ત્યાંથી પસાર થતું હતું. તેની નજર કાગડાની ચાંચમાં રહેલા પનીરના ટુકડા પર પડી. શિયાળના મોઢામાં પાણી આવી ગયું. તેણે વિચાર્યું, "ગમે તેમ કરીને આ પનીર મારે પડાવવું જ પડશે."

પણ કાગડો તો ઊંચા ઝાડ પર હતો, એટલે શિયાળ તેની પાસે પહોંચી શકે તેમ નહોતું. તેથી તેણે પોતાની લુચ્ચાઇ વાપરવાનું નક્કી કર્યું.

ખોટા વખાણ (ખુશામત)

શિયાળ ઝાડ નીચે ઊભું રહ્યું અને કાગડા તરફ જોઈને મીઠું-મીઠું બોલવા લાગ્યું:

"અરે વાહ! કાગડાભાઈ, આજે તો તમે કેટલા સુંદર લાગો છો! તમારા પીંછા તો જુઓ, કેવા રેશમ જેવા ચમકે છે! તમારી આંખોમાં તો ગજબનું તેજ છે."



કાગડો તો આ સાંભળીને થોડો મરકાયો, પણ પનીરનો ટુકડો છોડ્યો નહીં. શિયાળે આગળ વધતા કહ્યું:

"મેં સાંભળ્યું છે કે તમારો અવાજ આખા જંગલમાં સૌથી મધુર છે. કોયલ પણ તમારી આગળ કાંઈ નથી. શું મને આજે તમારું એક મીઠું ગીત સાંભળવા મળશે? મારું મન પવિત્ર થઈ જશે."

કાગડાની ભૂલ

પોતાના આવા વખાણ સાંભળીને કાગડો અભિમાનમાં આવી ગયો. તે ભૂલી ગયો કે તેની ચાંચમાં પનીર છે. જેવું તેણે ગાવા માટે મોઢું ખોલ્યું અને બોલ્યો "કા... કા...", કે તરત જ પનીરનો ટુકડો નીચે જમીન પર પડી ગયો.

નીચે ટાંપીને બેઠેલા લુચ્ચા શિયાળે તરત જ પનીરનો ટુકડો મોઢામાં લીધો અને જંગલમાં ભાગી ગયું. બિચારો કાગડો પસ્તાવો કરતો રહી ગયો.

વાર્તામાંથી શીખ:- "જે લોકો તમારા ખોટા વખાણ (ખુશામત) કરે છે, તેનાથી હંમેશા સાવધ રહેવું જોઈએ. ખુશામત કરનાર વ્યક્તિનો સ્વાર્થ હંમેશા છુપાયેલો હોય છે."

કાળચક્ર

એચ. એન. ગોલીબાર

(પ્રકરણ : ૫)

બસના બધાં વિદ્યાર્થીઓ, દસ યુવાન અને પાંચ યુવતીઓ બસના વિન્ડ શીલ્ડ-આગળના કાચ તરફ ફાટેલી આંખે જોઈ રહ્યાં હતાં.

કાચની બહાર, બે મોટી-મોટી-રાક્ષસી આંખો દેખાઈ રહી હતી. એ આંખો લીલા રંગની હતી અને એમાંની કીકીઓ લાલઘૂમ-જાણે એમાં લાવા ભભૂકતો હોય એમ તગતગતી હતી. 'કોઈ માણસની આંખો કરતાં બે-ત્રણ ગણી મોટી એ ભયાનક આંખો કોની હતી ?' એ વિશે બધાં કંઈ સમજે-કરે ત્યાં જ એ આંખો ગૂમ થઈ ગઈ.

ધબ્ ! બીજી જ પળે બસની પાછળની બાજુથી અવાજ સંભળાયો, એટલે બધાંએ ચીસ સાથે આગળની તરફ ભેગા થઈ જતાં પાછળના કાચ તરફ જોયું.

હવે પાછળના એ કાચની બહાર એ બે ભયાનક આંખો દેખાઈ રહી હતી.

ઈરફાને પોતાના હાથમાંની ટોર્ચ ચાલુ કરીને એનું અજવાળું એ આંખો તરફ રેલાવ્યું. હવે એ તરફનું દૃશ્ય ચોખ્ખું દેખાતાં જ બધાંના શરીરમાંથી અરેરાટી નીકળી જવાની સાથે જ નેહા અને સ્મિતાના મોઢેથી ચીસ પણ નીકળી ગઈ. નતાશા, શિલ્પા ને લવલીની હાલત પણ સારી નહોતી.

સામે-બસની પાછળના એ કાચની બહાર એક ભયાનક ચહેરાવાળો માણસ, ચામા-ચીડિયાની જેમ ઊંધા માથે લટકી રહ્યો હતો. એ ભયાનક માણસે કાળી કેપ પહેરેલી હતી ! એનો ચહેરો સામાન્ય માણસ કરતાં બે-ત્રણ ગણો મોટો હતો ! એના રાક્ષસી ચહેરાની ચામડી ચીરાયેલી ને લટકી પડેલી હતી ! એના જાડા ભદ્દા હોઠ લબડી રહ્યા હતા. એની પર લોહી ચોંટેલું હતું ! એની લાવા ઓકતી આંખો મિલિન્દના ચહેરા પર તકાયેલી હતી.

'અરે, બાપ રે...!' પોતાની તરફ તાકી રહેલા એ ભયાનક માણસ તરફ જોઈ રહેતાં મિલિન્દ ફફડતાં અવાજે બોલ્યો : 'આ... આ મને કેમ જોઈ રહ્યો છે ?' અને મિલિન્દ સીટ પર બેસી ગયો, એટલે તેની પાછળ ઊભેલો કરણ એ ભયાનક માણસની બરાબર સામે આવી ગયો.

એ ભયાનક માણસ જાણે કંઈક સૂંઘતો હોય એમ એણે નાક ઊંચું-નીચું કરતાં ઊંડો શ્વાસ લીધો.

'આ જે કોઈ પણ છે...,' કરણ બોલ્યો : '...પણ એ કંઈક સૂંઘતો રહે છે.' અને તે બાજુની સીટ પર બેસી પડ્યો, એટલે તેની પાછળ ઊભેલી લવલી એ ભયાનક માણસની સામે ગઈ. તે થરથર કાંપતાં બેસી ગઈ, એટલે તેની પાછળ ઊભેલો અનુજ એ ભયાનક માણસની બરાબર સામે આવી ગયો.

અનુજ પરાણે હિંમત જાળવી રાખતાં ઊભો રહ્યો. તે એ ભયાનક માણસ તરફ જોઈ રહ્યો. એ ભયાનક માણસે પોતાનું મોઢું ખોલ્યું. એના દાંત દેખાયા. એના દાંત કોઈ જંગલી પ્રાણી જેવા લાંબા અને તીણાં હતાં ! એ દાંત પર લોહી ચોંટેલું હતું.

એ ભયાનક માણસે પોતાનો હાથ આગળ કર્યો. એના હાથની આંગળીઓ લાંબી-લાંબી અને એમાંના નખ કોઈ ચપ્પુ જેવા લાંબા અને અણીદાર હતા.

એ ભયાનક માણસે અનુજ તરફ પોતાની પહેલી આંગળી ચીંધી અને અનુજને પોતાની તરફ બોલાવતો હોય એમ બે-ત્રણ વાર આંગળી વાળી ને હલાવી.

'ઈરફાન !' સીટ વચ્ચે ઊભેલા ઈરફાનની બાજુમાં અને અનુજની પાછળ ઊભેલા જેકબે ધીરેથી કહ્યું : 'ટોર્ચ બુઝાવી દે, ઈરફાન.'

ઈરફાને ટોર્ચ બુઝાવી દીધી. પણ અનુજ હવે એ ભયાનક માણસની કાતિલ નજર સામે ટકી શક્યો નહિ, તે બાજુની સીટ પર બેસી પડ્યો. હવે જેકબ એ ભયાનક માણસ સામે આવી ગયો.

એ ભયાનક માણસ, બસના પાછળના કાચની બહાર ઊંધા માથે લટકી રહ્યો હતો. ઈરફાને ટોર્ચ બુઝાવી નાંખી હતી, એટલે હવે એ ભયાનક માણસનો ચહેરો ચોખ્ખો દેખાતો નહોતો. જોકે, ચંદ્રના ઝાંખા અજવાળામાં એ ભયાનક માણસનો જેટલો ચહેરો દેખાતો હતો, એ પહેલાં કરતાં કંઈક વધુ ભયાનક ભાસતો હતો.

એ ભયાનક માણસની લાલ અંગારા ઓકતી કીકીઓવાળી લીલી આંખો જેકબના ચહેરા તરફ જ તકાયેલી હતી. એ ભયાનક માણસે પોતાનું મોઢું ખોલ્યું અને જીભ બહાર કાઢી.

એની જીભ જોતાં જ જેકબના શરીરમાંથી કંપારી પસાર થઈ ગઈ. એ ભયાનક માણસની જીભ માણસ જેવી નહિ, પણ કોઈ ઝેરીલા સાપ જેવી, બે મોઢાંવાળી અને ખાસ્સી લાંબી હતી ! એણે પોતાની જીભને હોઠ પર ફેરવી.

જેકબે હિંમતનો એક ઊંડો શ્વાસ છાતીમાં ભર્યો. 'તેણે આ ભયાનક માણસને ભગાવવા માટે રિવોલ્વરની ગોળી ચલાવવી જોઈએ.' નિર્ણય લેતાં તે પોતાના હાથમાં રહેલી આલ્બર્ટ સરની રિવોલ્વર એ ભયાનક માણસ તરફ તાકવા ગયો, ત્યાં જ એ ભયાનક માણસે પોતાના બન્ને હાથથી આખી બસને, જાણે બસ કોઈ રમકડું હોય એમ જોર-જોરથી હલાવવી માંડી. જેકબ પોતાનું બેલેન્સ ગુમાવતાં બાજુની સીટ પર પડ્યો અને તેના હાથમાંથી રિવોલ્વર છટકીને નીચે પડી, તો બસમાં ચીસાચીસ મચી ગઈ.

'યશ !' રોમિતે ઉતાવળા અવાજે કહ્યું : 'જલદી દરવાજો ખોલી નાંખ !'

'શું આપણે બહાર નીકળી જવું છે ?' યશે હલબલી રહેલી બસમાં બેલેન્સ જાળવતાં-દરવાજા તરફ આગળ વધતાં પૂછ્યું.

'હા !' રોમિતે કહ્યું : '...લાગે છે કે, એ અંદર આવી જશે !'

યશ દરવાજો ખોલવા ગયો, ત્યાં જ ધમના અવાજ સાથે એ ભયાનક માણસ દરવાજાની બારી બહાર આવી ગયો.

ચીસ પાડતો યશ પાછો દરવાજાથી દૂર થઈ ગયો.

બાકીના બધાં પણ ચીસાચીસ સાથે દરવાજાથી દૂર હટી જતાં, એ તરફ જોઈ રહ્યાં, ત્યાં જ એ ભયાનક માણસ દરવાજા બહારથી દેખાતો બંધ થઈ ગયો અને જાણે એ ભયાનક માણસ બસની છત પર દોડવા માંડ્યો હોય એમ ધબ્-ધબ્-ધબ્ અવાજ આવવા લાગ્યો.

બસમાં ચીસાચીસ મચી ગઈ.

-ધબ્-ધબ્-ધબ્ !

'આ ભયાનક માણસ શું કરી રહ્યો હતો ?'

-ધબ્-ધબ્-ધબ્ !

'આખરે તેમણે આ ભયાનક માણસથી બચવા માટે શું કરવું જોઈએ ? !'

-ધબ્-ધબ્-ધબ્ ! નો અવાજ આવ્યો અને પછી એકદમથી જ અવાજ બંધ થઈ ગયો.

બધાં છત તરફ જોઈ રહ્યા.

'હવે...હવે એ ભયાનક માણસ શું કરશે ? !'

ત્યાં જ લવલીની બાજુમાં ઊભેલી નેહાની નજર લવલીના ચહેરા તરફ ગઈ. લવલીના ચહેરા પર જાણે તેને ચક્કર ચઢ્યા હોય એવા ભાવ હતા.

'લવલી !' નેહાના મોઢામાંથી નીકળ્યું, ત્યાં જ લવલી ચક્કર ખાઈને પડવા ગઈ, પણ બાજુમાં ઊભેલા રોમિતે એને પકડી લીધી.

લવલીને પકડીને સીટ પર બેસી જતાં રોમિતે જોયું તો એની આંખો બંધ હતી. 'લવલી ! શું થયું, લવલી !' રોમિતે લવલીને હલબલાવી, પણ લવલીએ કોઈ જવાબ આપ્યો નહિ.

'લવલી...!' શિલ્પા બોલી, ત્યાં જ લવલીએ પોતાની પાંપણો ખોલી નાંખી.

લવલીની નજીક રહેલા રોમિત, જેકબ, અનુજ, ઈરફાન અને નેહાએ તેમ જ શિલ્પાએ જોયું તો લવલીની કીકીઓ ઉપર ચઢી ગઈ હતી ! તેની આંખોનો સફેદ ભાગ જ દેખાતો હતો !

'લવલી !' શિલ્પા આગળ બોલવા ગઈ, ત્યાં જ લવલીનું શરીર ખેંચાયું.

'લવલી ! શું થાય છે, તને ?' નેહાએ ચિંતાભેર પૂછ્યું. પણ લવલીને કોઈનો અવાજ સંભળાતો નહોતો. તે તો અત્યારે જાણે કોઈક બીજી જ દુનિયામાં હતી !

અત્યારે તે એક ખેતરમાં ઊભી હતી ! ઓમકારના ખેતરમાં !

થોડાંક કલાક પહેલાં, પેલો ચાડિયો-ભયાનક માણસ જેના દીકરા નંદુને આકાશમાં ઉડાવી ગયો હતો, એ ઓમકારના ખેતરમાં લવલી ઊભી હતી !!

લવલીથી થોડેક જ દૂર આવેલા ઓમકારના મકાનની નજીક ઊભેલી ટાટા મોબાઈલને ઓમકારનો મોટો દીકરો ચંદર રિપેર કરી રહ્યો હતો. પણ એનું ધ્યાન લવલી તરફ નહોતું.

'ક્રાં....ક્રાં....ક્રાં....'નો કાગડાંનો અવાજ કાને પડ્યો, એટલે લવલીનું ધ્યાન માથા ઉપર ગયું. તેના માથા ઉપરથી બે મોટા કાગડાં પસાર થઈને થોડેક દૂર, ક્રોસ જેવા ઊભા અને આડા લાકડાં પર લગાવેલાં ત્રણ ચાડિયા તરફ આગળ વધ્યા. એ બન્ને કાગડાં ડાબી બાજુના પહેલા ચાડિયાના બન્ને હાથ પર બેઠાં.

લવલી એ તરફ આગળ વધી.

તે એ ચાડિયાથી થોડેક દૂર પહોંચીને ઊભી રહી. તે માણસનું મહોરું અને લાંબો-કાળો ઝભ્ભો-ડગલો તેમજ માથે કાળી કેપ પહેરેલા એ ચાડિયાને જોઈ રહી, ત્યાં જ તેના કાને તેની પીઠ પાછળથી કંઈક બબડાટ સંભળાયો.

તેણે પાછળ ફરીને જોયું, તો થોડેક જ દૂર, પીળા ટી-શર્ટવાળો, કપાળમાં ઘા થયેલો અને ડાબો હાથ કપાયેલો યુવાન ઊભો હતો. એ યુવાન તેની તરફ જોઈ રહેતાં ઝડપભેર કંઈક બોલી રહ્યો હતો. પણ એ શું બોલી રહ્યો હતો, એ લવલી સમજી શકી નહિ.

'ક્રાં...ક્રાં...ક્રાં...!' લવલીના કાને ફરી કાગડાંનો અવાજ પડ્યો, એટલે તેણે એ યુવાનના ચહેરા પરથી નજર હટાવીને ચાડિયા તરફ જોયું. ચાડિયાના બન્ને હાથ પર બેઠેલા એ બન્ને કાગડાંની નજર તેની પર જ ચોંટેલી હતી !

'લવલીલવલીલવલીલવલીલવલી.' તેના કાને આ અવાજ પડ્યો, એટલે તેણે પાછું વળીને જોયું, તો પેલા હાથ કપાયેલા યુવાનથી થોડેક દૂર નંદુ ઊભો હતો, અને તે ઝડપભેર બોલી રહ્યો હતો : 'લવલીલવલીલવલીલવલી.' લવલીએ ખૂબ જ ધ્યાન આપ્યું તો તેને સમજાયું કે, નંદુ તેનું નામ બોલી રહ્યો હતો !

અચાનક નંદુ બોલતો બંધ થયો અને પછી નંદુથી થોડેક દૂર ઊભેલો હાથ કપાયેલો યુવાન બોલ્યો : 'લવલી !' આ વખતે એ યુવાન લવલી બરાબર સાંભળી ને સમજી શકે એવી રીતના બોલ્યો. લવલીએ એ યુવાન તરફ જોયું. એ યુવાન આગળ બોલ્યો : 'દર ત્રેવીસ વરસે, ત્રેવીસ દિવસ માટે એ પ્રેત ધરતી પર આવે છે ! પોતાની ભૂખ મિટાવવા માટે !'

'પણ...,' લવલીએ પૂછ્યું : '...એ શું ખાય છે ?'

હાથ કપાયેલા યુવાને જવાબ આપવાને બદલે તેનાથી થોડેક દૂર ઊભેલા નંદુ તરફ જોયું.

લવલીએ નંદુ તરફ જોયું !

અત્યારે નંદુના બન્ને ડોળા નીકળી ગયેલાં હતાં અને ત્યાંથી લોહી વહીને તેના ચહેરાને લાલ બનાવી રહ્યું હતું !

'એ...,' નંદુ બોલ્યો : '...એ પ્રેત માણસને ખાય છે !'

લવલી તેની તરફ જોઈ રહી, ત્યાં જ ફરી પેલો હાથ કપાયેલો યુવાન ઝડપભેર બોલવા માંડ્યો.

આ વખતે હવે લવલી સમજી શકતી હતી કે, એ છોકરો શું કહી રહ્યો હતો. એ છોકરાની વાત સાંભળતાં-સાંભળતાં લવલીના ચહેરા પરનો ભય વધવા માંડ્યો, ત્યાં જ તેને પોતાની પીઠ પાછળથી સળવળાટ સંભળાયો. તેણે એકદમથી જ પાછળ ફરીને જોયું તો પેલા ચાડિયાના હાથ પર બેઠેલાં એ બન્ને કાગડાં ઊડ્યા અને એ જ પળે એ ચાડિયાએ પોતાની બન્ને રાક્ષસી પાંખો ફેલાવી અને કોઈ ચામાચીડિયાની જેમ લવલી તરફ ધસ્યો. એ સાથે જ લવલીના મોઢેથી ચીસ નીકળી ગઈ અને તેની આંખો ખુલી ગઈ.

લવલીએ જોયું તો તેનું શરીર ખેંચાયેલું હતું અને તેનું માથું રોમિતના ખોળામાં હતું. તો તેની તરફ જેકબ, અનુજ, ઈરફાન, નેહા અને શિલ્પા જોઈ રહ્યાં હતાં.

'લવલી ! તું ઠીક છે ને ?' રોમિતે પૂછ્યું.

લવલી ધીરેથી ઊભી થઈ.

'અમને તો થયું કે, તું ગઈ.' શિલ્પા બોલી.

લવલી ચુપ રહી.

'તારી આંખોને શું થયું હતું ?' જેકબે પૂછ્યું.

'અને તને જાણે વાઈ ચઢી હોય એમ તારું શરીર કેમ ખેંચાયું હતું ?' અનુજે પૂછ્યું.

લવલી એ બધાં સામે જોઈ રહી, ત્યાં જ તેના કાને ઈરફાનનો અવાજ પડ્યો : '...લાગે છે, પેલો ગયો...!'

લવલીએ હવે બારી બહાર જોઈ રહેલા ઈરફાન તરફ જોયું.

ઈરફાને પોતાની વાત આગળ વધારી : 'એવું લાગે છે કે, હવે એ પાછો નહિ આવે. હવે આપણે બહાર નીકળીને ફાર્મ હાઉસ...!'

'એવું હોય તો તું પહેલાં બહાર નીકળી બતાવ.' ઈરફાનની આગળની સીટ પાસે ઊભેલા મનજીતે કહ્યું.

'મારી વાત માનો !' ઈરફાને પોતાની વાત પકડી રાખી : 'એ ચાલ્યો ગયો છે !'

'પણ...,' મનજીતની બાજુમાં ઊભેલી નતાશા પૂછી ઊઠી : '...એ શું કરવા આવ્યો હતો ? અને આખરે એ છે, કોણ...?'

'....એ પ્રેત છે !' ઈરફાન કોઈ જવાબ આપે એ પહેલાં જ લવલી બોલી : 'અને એ શું કરવા આવ્યો હતો, એ કહું, તમને ?'

બધાંનો ચહેરો લવલી તરફ ફરી ગયો. લવલીના ચહેરા પર ભય ને આંખોમાં ડર હતો : 'એ પ્રેત...,' લવલી બોલી : '...એ પ્રેત પોતાની પસંદનો ખોરાક ખાવા આવ્યું હતું !'

'...શું કહ્યું તેં ?' રોમિતને જાણે પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો હોય એમ તેણે પૂછ્યું.

લવલીએ રોમિત તરફ જોયું : '...એ પ્રેતને જે પસંદ આવે છે એને એ પોતાની સાથે ઉઠાવીને લઈ જાય છે !'

'...પણ એ કેમ લઈ જાય છે ?' થોડેક દૂર ઊભેલી સ્મિતાએ અધિરાઈભેર પૂછ્યું.

'...એમને ખાઈ જવા માટે !' લવલી બોલી : '...એ પ્રેત માણસ ખાય છે !!'

'મને તો એ સમજમાં નથી આવતું લવલી કે, તું...,' શિલ્પા કાંપતા અવાજે બોલી ઊઠી : '...તું આ બધું કેવી રીતના જાણે છે ?'

'એમણે, એ બન્ને છોકરાઓએ મને આ બધું કહ્યું, જેઓ ખુદ પોતે જ એ પ્રેતનો શિકાર બન્યા હતા.' લવલી બોલી : 'એ છોકરાઓ મને એ પ્રેતથી સાવચેત કરી રહ્યા હતા, આપણને બધાંને એનાથી સાવધાન કરી રહ્યા હતા !'

'...તેં આ સપનામાં જોયું !' રોમિતે પૂછ્યું.

'મને એ પ્રેતના હાથે મરેલા પેલા બન્ને છોકરાઓએ કહ્યું !' લવલી બોલી : 'મતલબ કે, એ સપનું જ હતું !'

'લવલી !' રોમિતના ચહેરા પર ગુસ્સો આવી ગયો : 'હમણાં થોડીવાર પહેલાં સુધી તો તું સાજી-સારી હતી, અને હવે કેમ પાગલ જેવી વાતો કરી રહી છે ?'

'...હું નથી જાણતી !' લવલી બોલી : '...અને હું તમને આ વિશે ચોક્કસપણે કંઈ સમજાવી શકું એમ પણ નથી !'

લવલીની આ વાત સાંભળીને બસમાં ચુપકીદી છવાઈ ગઈ. લવલીની આ વાતના જવાબમાં શું કહેવું ? શું કરવું ? એ કોઈને કંઈ જ સમજાયું નહિ, ત્યાં જ આ ચુપકીદીને તોડતો લવલીનો અવાજ બધાંના કાનના પડદાં સાથે અફળાયો : '...એ પ્રેતને ધરતી પર આવ્યાનો આજે ત્રેવીસમો, છેલ્લો દિવસ છે. આજે એની છેલ્લી રાત છે. કાલ સવારના એ પાછો ધરતીમાં સમાઈ જશે.'

'આવું...આવું તે કદી બનતું હશે ?' નેહાએ પૂછ્યું.

'....એ પ્રેત આવતા ત્રેવીસ વરસ સુધી જમીનની અંદર રહેશે !' લવલી બોલી.

'..ત્યાં શું એ હસતાં-રમતાં જિંદગી વિતાવશે ?' રોમિત હસી પડ્યો : 'તુંય તે લવલી..., તારો ઈલાજ કરાવવો પડશે !!'

'આ મજાકની વાત નથી, રોમિત !' શિલ્પા ભયથી ફફડતાં બોલી ઊઠી.

'અત્યારે એ પ્રેત ફરી આવશે.' લવલી બોલી.

'આ..' રોમિતે ધૂંધવાઈ ઊઠતાં બધાં પર નજર ફેરવી : '..આ લવલી બકવાસ કરી રહી છે અને આપણે બધાં પાગલની જેમ એની બકવાસ સાંભળી રહ્યા છીએ.'

'...એ પ્રેતને કોઈ ફરક નથી પડતો, આપણે બસની અંદર હોઈએ કે, બહાર !' લવલીએ રોમિતની વાત કાને ધર્યા વિના પોતાની વાત આગળ ચલાવી : 'એ પ્રેત પાછું આવશે...,' લવલીએ એક નજર બારી બહાર નાંખી અને પછી બસમાં રહેલાં બધાં પર ભયભરી નજર ફેરવતાં ડુમાયેલા અવાજે કહ્યું : '...એ પ્રેત ચોક્કસ પાછું આવશે અને એણે આપણાંમાંથી જેને-જેને પસંદ કર્યા હશે, એ બધાંને એ પોતાની સાથે ઊઠાવીને લઈ જશે !'

એચ. એન. ગોલીબાર

કાળચક્ર